# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૨, ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૧૭



## સાબરમતી વર્તુળ કચેરી ખાતે સ્વાતંત્ર્યદિનની ઉજવણી



## સ્વાતંત્રદિનની મહેસાણા ખાતે આનંદભેર ઉજવણી

# આ અંકમાં


**વર્ષ–૬ અંક–૪૨,**
**ઓગસ્ટ – સપ્ટેમ્બર ૨૦૧૭**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી આર. બી. શુક્લ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


## આ અંક આપને કેવો લાગ્યો?

**આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.**


agmhr@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com


## આ અંકમાં

### ઉજવણી


» સાબરમતી વર્તુળ કચેરી ખાતે સ્વાતંત્ર્યદિનની ઉજવણી.......................... ૦૪





» ૭૧મા સ્વાતંત્રદિનની મહેસાણા ખાતે આનંદભેર ઉજવણી............................ ૦૫

» મનજાગૃતિ મહિલામંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન.................... ૦૯





### કંપની સમાચાર


» સાબરમતી કેમ્પસ ખાતે યોજાયેલ આયુર્વેદિક ઉકાળાનો કાર્યક્રમ.................... ૧૦

» યુજીવીસીએલના વિસ્તારમાં તારાજી બાદ ઝડપથી વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવ્યો........ ૧૧


### સ્પોર્ટ્સ


» ૧૨મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર ખાતે આયોજન........................ ૧૨

» ૧૨મી ઇન્ટર સર્કલ બેડમિન્ટ ટુર્નામેન્ટનું પાલનપુર ખાતે આયોજન.......................... ૧૪

# સંદેશ



**આપ સૌની આ કામગીરીની નોંધ માનનીય ઊર્જા મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના સ્તરે પણ લેવાઈ છે અને આ મહાનુભાવોએ પણ આપની પ્રશંસનીય કાર્યનિષ્ઠાને બિરદાવી છે. આપણા સૌ માટે આ અનેરા ગૌરવની વાત છે.**




**પ્રિય કર્મચારી મિત્રો,**

આપ સૌની કાર્યનિષ્ઠામાં મારો જે વિશ્વાસ છે, તેને આપ સૌએ વધુ એક વાર દીપાવ્યો છે, મારાં હાર્દિક અભિનંદન સ્વીકારશો!

આ ચોમાસા દરમિયાન આપણે વધુ એક વાર આપણા કાર્યક્ષેત્ર તથા રાજસ્થાનના માઉન્ટ આબુમાં આવેલા અતિ ભારે વરસાદને કારણે અત્યંત તારાજી સર્જાઈ અને કુદરતી પ્રકોપને કારણે વીજપુરવઠો ખોરવાતાં જનજીવન પણ ખોરવાયું. આવા કપરા સંજોગોમાં, હંમેશની જેમ, કંપનીના તમામ સ્તરના કર્મચારીઓએ રાત-દિવસ જોયા વિના પોતાનું કાર્ય જવાબદારીઓથી પણ આગળ વધીને તથા માનવતાનો સાદ સાંભળીને પોતાની ફરજ બજાવી અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી વીજપુરવઠો પૂર્વવત કર્યો.

આપ સૌની આ કામગીરીની નોંધ માનનીય ઊર્જા મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના સ્તરે પણ લેવાઈ છે અને આ મહાનુભાવોએ પણ આપની પ્રશંસનીય કાર્યનિષ્ઠાને બિરદાવી છે. આપણા સૌ માટે આ અનેરા ગૌરવની વાત છે.

હું એ પણ ચોક્કસ કહીશ કે આ દરમિયાન આપે ફરજના સામાન્ય કલાકો ભૂલીને, ઘણા વધુ કલાકો સુધી અવિરત ફરજ બજાવવાની થઈ હશે. આપના પરિવારના સભ્યોએ આપને સાથ આપ્યો હશે તો જ આ શક્ય બન્યું છે, હું એ સૌનો પણ આભારી છું.

મિત્રો, હજી એક વાત તરફ હું ખાસ ધ્યાન દોરવા માગું છું.

આપનું જીવન આપના પરિવાર માટે અને કંપની માટે અત્યંત મૂલ્યવાન છે. તેને સહેજ પણ જોખમમાં મૂકશો નહીં. મારી આગ્રહભરી અપીલ છે કે જ્યારે પણ વીજપુરવઠા સંબંધિત, પાવર લાઇન્સ પર કામ કરવાનું થાય ત્યારે સલામતીનાં સાધનોનો અચૂકપણે ઉપયોગ કરો.

એ રીતે, આપણે સૌ પોતાના પરિવાર સાથે દિવાળીના પ્રકાશ પર્વની આનંદભરી ઉજવણી કરીએ.

આપ સૌ તથા આપના પરિવારને ઉમંગભરી દિવાળી તથા સુખ-સમૃદ્ધિ અને શાંતિ-સલામતીથી શોભતા નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.

**બી.એ. શાહ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# સાબરમતી વર્તુળ કચેરી ખાતે સ્વાતંત્ર્યદિનની ઉજવણી

## કંપનીના માનનીય ચેરમેનશ્રી અને તેમનાં પત્નીની ઉપસ્થિતિમાં ઉત્સાહભર્યા કાર્યક્રમનું આયોજન





૧૫ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ ૭૧મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સાબરમતી વર્તુળ કચેરી ખાતે કંપનીના માનનીય ચેરમેન શ્રી વરુણનાથ માયરા, આઈ.એ.એસ. (નિવૃત્ત)ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.

આ પ્રસંગે સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એસ.પી. વૈદ્ય, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારીભાઈઓ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ચેરમેન શ્રી માયરાનાં પત્ની શ્રીમતી વિનિતાબહેન માયરા પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી વૈદ્ય દ્વારા શ્રી માયરાનું તથા ચેરમેન ઓફિસ ખાતે ફરજ બજાવતા જુનિયર આસિસ્ટન્ટ (ટી) શ્રીમતી કલ્પનાબહેન બારોટ દ્વારા શ્રીમતી વિનિતાબહેનનું પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ. સવારે ૯.૧૫ વાગ્યે ચેરમેન શ્રી માયરાના શુભ હસ્તે સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવામાં આવેલ. આવા ઉલ્લાસભેર વાતાવરણમાં હાજર તમામ વ્યક્તિઓએ ધ્વજવંદન કરી પોતાની દેશભક્તિને વેગ આપ્યો હતો.

આ પ્રસંગે ધ્વજવંદન સાથે જન ગણ મન રાષ્ટ્રગીત ગાવાથી દેશભક્તિની લહેર પ્રસરી ગઈ હોય તેવું વાતાવરણ છવાઈ ગયું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી માયરાએ સ્વચ્છતાને આપણી નૈતિક જવાબદારી સમજી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ચિંધેલ માર્ગને અનુસરીને સ્વચ્છ ભારત અભિયાનને સાચા અર્થમાં સફળ બનાવવા હાકલ કરી હતી. આપણી કચેરીઓ તથા પ્રાંગણમાં સ્વચ્છતા રાખવાથી કર્મચારીઓનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે તેવી સમજ શ્રી માયરાએ આપી હતી.



આ પ્રસંગે શ્રીમતી માયરાએ હાજર બાળમિત્રોને સ્મૃતિ ચિહ્ન ભેટ આપીને તેમને પ્રોત્સાહન આપ્યું હતું, ત્યાર બાદ સાબરમતી કચેરીના પ્રાંગણ ખાતે વૃક્ષારોપણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન શ્રી માયરા, શ્રીમતી માયરા, શ્રી વૈદ્ય તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક રોપા રોપીને પર્યાવરણની ઉજવણીનું મહત્ત્વ દર્શાવ્યું હતું.

સાબરમતી વર્તુળ કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓના સંયુક્ત પ્રયાસથી સ્વાતંત્રતા દિવસની ઉજવણીનું સુયોગ્ય અયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં હાજર શ્રી માયરા, શ્રીમતી માયરા, શ્રી વૈદ્ય અને તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ અલ્પાહાર ગ્રહણ કરેલ. ■

# ૭૧મા સ્વાતંત્રદિનની મહેસાણા ખાતે આનંદભેર ઉજવણી



૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આપણો દેશ આઝાદ થયો ત્યારથી 'સ્વાતંત્ર્યદિન'ની યાદ તાજી રાખવા દર વર્ષે આપણે ઉત્સાહભેર ઉજવણી કરીએ છીએ. આ વર્ષે પણ આ દિવસની આનંદભેર ઉજવણી કરવામાં આવી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, IAS દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સીએફઓ શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહા પ્રબંધક (એચ. આર) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક. એન્ડ વિજિલન્સ) શ્રી એન.સી. મકવાણા, જેટકોના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી સી.વી. સમ્રાટ ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીભાઈઓ-બહેનો, બાળકો, ભૂતપૂર્વ કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

સવારે ૯.૧૫ કલાકે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવીને સમુહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કર્મચારીઓને પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવેલ.

**માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું ઉદ્‌બોધન :**

આજના ૭૧મા સ્વાતંત્ર્યદિને યુજીવીસીએલ તેમજ જેટકોના તમામ કર્મચારીભાઈ-બહેનોને મારી શુભેચ્છા પાઠવું છું. ૭૧મા સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારીભાઈ-બહેનો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ તથા આપ સર્વેના પરિવારજનોનું અભિવાદન કરું છું.

આપણા પૂર્વજોએ ખૂબ જ સંઘર્ષ કરીને આપણને આઝાદી અપાવેલ છે, આપણે સ્વાતંત્ર્ય, સ્વઃશાસન અને સુઃશાસન માટે આઝાદી પ્રાપ્ત કરી છે.

સ્વાતંત્ર્ય દિવસનો તહેવાર અન્ય ધાર્મિક તહેવારોથી અલગ છે. આ આપણી જાતિ કે ધર્મના સિધ્ધાંતોથી અલગ, આપણા મૂળ તત્વો અને ઓળખ પર આધારિત તહેવાર છે. સ્વાતંત્ર્ય દિવસ એ પણ યાદ અપાવે છે કે, આપણા સદ્‌ગુણોનું, આપણા ભાઈઓ-બહેનોના બલિદાનોનું, આપણી નેતૃત્વ ક્ષમતાઓનું, આપણા વિકાસમાં કેટલું મહત્ત્વ છે. વર્ષો પહેલા આપણે આઝાદી મેળવી ત્યારે દેશની હાલત ખરાબ હતી. આજે આપણે અનેક ક્ષેત્રો જેવાં કે સ્વાસ્થ્ય, ઔદ્યોગિકરણ, આઈ.ટી., ઊર્જા, વાહન-વ્યવહાર, શિક્ષણ, વન અને પર્યાવરણ, ન્યાયિક પ્રક્રિયા વગેરેમાં ખૂબ ઊંચાઈઓ પ્રાપ્ત કરી છે.

ભારતના વિકાસમાં ગુજરાતનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ગુજરાત દ્વારા રજૂ કરવામાં આવેલ અગણિત વિચારોને







સમગ્ર દેશ દ્વારા ગુજરાત મોડેલ તરીકે સ્વીકારવામાં આવેલ છે. ગુજરાતના સ્થાપિત ઉદ્યોગોએ દેશના અન્ય રાજ્યોને પણ દિશાનિર્દેષ બતાવ્યો છે. વીજક્ષેત્રમાં ગુજરાતે સારી પ્રગતિ કરી છે અને આ પ્રગતિમાં યુજીવીસીએલ, જેટકો અને રાજ્યની અન્ય વીજ સંલગ્ન સંસ્થાઓના સમસ્ત અધિકારી, કર્મચારીઓનો ફાળો રહ્યો છે.

આપણા ફિલ્ડ લેવલે અધિકારી તેમજ કર્મચારી મિત્રના અથાગ પ્રયત્નોને કારણે જીયુવીએનએલ દ્વારા આપવામાં આવેલ વિવિધ યોજનાઓના લક્ષ્યાંકો સફળતાપૂર્વક પાર પાડેલ છે.

» ખેતીવાડી, કુટીર જ્યોતિ તેમજ ઝુંપડપટ્ટી યોજનામાં ૧૦૦ ટકાથી વધારે સિદ્ધિ હાંસલ કરેલ છે.

» સોલાર યોજના હેઠળ ૩૦૦ ખેતીવાડી વીજ કનેકશન તેમજ સોલાર હોમ લાઈટ યોજનામાં ૭૪૦૦ કનેકશન કરેલ છે.

» સોલાર રૂફટોપ યોજના હેઠળ કુલ ૬૩૩ અરજીઓ સામે ૨૭૦ અરજદારોના મીટર ઈન્સટોલ કરી કુલ ૫ મેગાવોટની સિદ્ધિ હાંસલ કરીને ચારે ડિસ્કોમ કંપનીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

» વિવિધ નગરપાલિકાનાં બાકી લેણાં સમયસર આવવાથી કંપની એરીયર્સમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે.

» વીજ લાઈનોનું સમયસર સમારકામ તેમજ વ્યવસ્થિત જાળવણીના કારણે વીજ વિક્ષેપ અંકમાં નોંધપાત્ર સુધારો થયેલ છે.

» વ્યવસ્થિત લોડ બેલેન્સિંગને કારણે ટ્રાન્સફોર્મર ફેઈલ્યોરમાં ઘટાડો થયેલ છે.

» ટીએન્ડી લોસના ૯.૭૭ ટકા લક્ષ્યાંકની સામે ૮.૧૮ ટકા લાવીને નોંધપાત્ર સિદ્ધિ મેળવેલ છે.

» આજ પ્રકારે વ્યવસ્થિત કામગીરી કરીને, આ વર્ષના લક્ષ્યાંક પણ સિદ્ધ કરી શકાય.

» એચટી ગ્રાહકોની બિલિંગ પ્રક્રિયાને ઈ-ઊર્જા સાથે સંલગ્ન કરીને ઝડપી બનાવેલ છે જેને કારણે એચટી ગ્રાહકોને બીલ નિયમિતપણે માનવભૂલ વગર આપી શક્યા છીએ.

» એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે, આપણી કંપનીની કલેકશન એફિશિયન્સી ૧૦૦ ટકા ઉપર જ રહે છે.

» ચાલુ વર્ષે છેવાડાના તમામ વીજ ગ્રાહકોને આપણા

## મેરિટ એવોર્ડ મેળવનાર વિદ્યાર્થી/કર્મચારીની યાદી

| નામ અને કર્મચારી સાથેનો સબંધ | કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | ટકાવારી | ધોરણ | રૂપિયા તથા સર્ટિફિકેટ |
|---|---|---|---|---|---|
| સાક્ષી, સુપુત્રી | શ્રી એમ.એ. ત્રિવેદી, ડેપ્યુ. એન્જિનીયર | ડિવિઝન ઓફિસ, કલોલ | ૯૬.૧૪ | ૧૨ | રૂ. ૫૦૦ સર્ટિફિકેટ |
| પરીક્ષીત, સુપુત્ર | શ્રી આર.કે. માદી, જુનિયર આસિસ્ટન્ટ | સબડિવિઝન ઓફિસ-૧, કડી | ૯૪.૮૩ | ૧૦ | રૂ. ૨૫૦ સર્ટિફિકેટ |
| શૈવા, સુપુત્રી | શ્રી વી.એચ. ઠાકર, એક્ઝી. એન્જિનીયર | ડિવિઝન ઓફિસ, કલોક | ૯૦.૬૬ | ૧૦ | રૂ. ૨૫૦ સર્ટિફિકેટ |
| કૌશલ, સુપુત્ર | શ્રી બી.એચ. ઠાકર, જુનિયર આસિસ્ટન્ટ | સબડિવિઝન ઓફિસ-૧, કડી | ૮૫.૫૦ | ૧૦ | રૂ. ૨૫૦ સર્ટિફિકેટ |
| પોતે | શ્રી નીરજ આર. જાન્ગીર, એકાઉન્ટ ઓફિસર | રજી. ઓફિસ, મહેસાણા | સીએમએ યંગ એચિવર એવોર્ડ-૦૧૬ પબ્લિક સર્વિસ સેક્ટર (લાર્જ-મેલ) ૧૮ જુલાઈ,૨૦૧૭ દિલ્હી | | સર્ટિફિકેટ |

વિભાગને લગતી વિવિધ ફરિયાદોનું નિવારણ ઝડપથી થાય તે હેતુથી પ્રગતિ સેતુ, લોક દરબાર જેવા જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરીને ફરિયાદોનું નિવારણ કરેલ છે, તેમજ પ્રજાના પ્રતિનિધિ એટલે કે ધારાસભ્યો સાથે તબક્કાવાર મીટિંગોનું આયોજન કરી તેમના મતવિસ્તારાના વીજ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ કરેલ છે.

ઉપરોક્ત વિવિધ ક્ષેત્રે મળેલી ઉપલબ્ધિઓ માટે હું આપ સહુ કર્મચારી મિત્રોનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

વીજ અકસ્માત અંગે વાત કરીએ તો, આપણા ઈલેક્ટ્રીક નેટવર્કમાં આપણાથી બનતા તમામ પ્રયત્નો દ્વારા આપણે શક્ય તેટલી જાળવણી તથા સમારકામ કરીએ છીએ, પરંતુ જ્યારે ડિપાર્ટમેન્ટલ અકસ્માત થાય છે ત્યારે અકસ્માતનો ભોગ બનનાર આપણો કર્મચારી હોવાથી અત્યંત દુઃખ થાય છે. વખતો વખત સલામતીને અનુલક્ષીને જરૂરી પગલાં લેવા તથા સલામતીના સાધનોનો અચૂક ઉપયોગ કરવા અંગે લાઈન સ્ટાફ મિત્રોને જણાવવામાં આવે છે તેમ છતાં મને લાગે છે કે હજુ ક્યાંક ઉણપ રહી જાય છે.



આજના સ્વાતંત્ર્યદિન નિમિત્તે મારા કર્મચારી મિત્રોને હું હ્રદયપૂર્વક અપીલ કરું છું કે, જીવંત વીજવાયર સાથે જ્યારે આપણે કામ કરી રહ્યા હોઈએ ત્યારે સલામતીનાં સાધનોનો અચૂક ઉપયોગ કરી સલામત કામગીરી કરશો, જેથી આપનો જીવ કોઈ રીતે જોખમાય નહીં, આપના પરિવાર અને આપણી કંપની બંને માટે આપનું જીવન સૌથી વધુ મૂલ્યવાન છે. કપરી કામગીરીમાં જીવ ગુમાવનારને હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું.

મિત્રો, સમગ્ર ગુજરાત તથા ખાસ કરીને આપણા કાર્યક્ષેત્ર ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં માઉન્ટ આબુમાં આવેલ

અતિ ભારે, વિક્રમસર્જક વરસાદને કારણે ફરીથી પૂરની સ્થિતિનો સામનો કરવાનો થયો. તા. ૨૪થી ૨૮ જુલાઈ ૨૦૧૭ દરમ્યાન બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આપત્તિની પરિસ્થિતિમાં ૮૦૦થી વધુ ગામોમાં વીજ પુરવઠો બંધ થવા પામેલ. કુદરતના કહેર સામે મથામણ કરીને, આપ સૌએ રાત-દિવસ જોયા વિના, અસરગ્રસ્તોની તકલીફો ઓછી કરવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે વીજપુરવઠો પૂર્વવત્ કરવા જે પરિશ્રમ કર્યો છે, એ માટે આપ સૌ તમામ કર્મચારીભાઈ-બહેનો, અધિકારીઓ અભિનંદનના અધિકારી છો, હું કરેલ કામગીરીને હૃદયપૂર્વક બિરદાવું છું.

આપણા કર્મચારીભાઈઓએ કરેલ કામગીરીને અનુલક્ષીને માનનીય ઊર્જામંત્રીશ્રી દ્વારા જે અભિનંદન પત્ર પાઠવેલ છે, તે હું વાંચી સંભળાવું છું, જેમાં માનનીય ઊર્જામંત્રીશ્રી તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ખાસ નોંધ લેવાઈ છે.

હું આશા રાખું છું કે, આપણે બધા મળીને ભવિષ્યમાં યુજીવીસીએલને નવી ઊંચાઈઓ ઉપર લઈ જઈશું, ભારત અને ગુજરાતનું નામ પણ ઉજ્જ્વલ કરીશું.

ફરી એક વાર આપ સૌને સ્વાતંત્ર્યદિનની શુભકામના પાઠવું છું.

જય હિંદ, જય જય ગરવી ગુજરાત...

ઉદ્‌બોધન બાદ શૈક્ષણિક ક્ષેત્રે મેળવેળ સફળતા બદલ તેમજ ગ્રાહક થકી જે સબડિવિઝનમાં વધારે ઈલેક્ટ્રોનિક માધ્યમથી (ઓનલાઈન) પેમેન્ટ થયેલ છે તેવા સબડિવિઝનોને સન્માનપત્ર અને તાજેતરમાં આવેલ અતિભારે વરસાદથી ખોરવાયેલ વીજપુરવઠો પુનઃસ્થાપિત કરવા બદલ કર્મચારીઓને સન્માનપત્ર આપવામાં આવેલ. કાર્યક્રમની સાથે દેશભક્તિનો માહોલ ઊભો થાય તે માટે શ્રી પ્રમોદભાઈ દરજી દ્વારા દેશ ભક્તિનાં ગીતો રજૂ કરવામાં આવેલ. જેને ઉપસ્થિત શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ, નાયબ ઈજનેર શ્રી કે.ડી. બારોટ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવેલ. આઈ.આર. વિભાગના કર્મચારી મિત્રો દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ.

**ઈલેક્ટ્રોનિક માધ્યમથી (ઓનલાઈન) વધુમાં વધુ પેમેન્ટ મેળવનાર સબડિવિઝનની યાદી**

| વર્તુળ કચેરી | વિભાગીય કચેરી | પે.વિ.કચેરી | કેટેગરી | રેન્ક |
|---|---|---|---|---|
| સાબરમતી | ગાંધીનગર | અડાલજ | ગ્રામ્ય | ૧ |
| સાબરમતી | ગાંધીનગર | ગાંધીનગર | ગ્રામ્ય | ૨ |
| પાલનપુર | ડીસા-૨ | થરાદ | ગ્રામ્ય | ૩ |
| મહેસાણા | મહેસાણા | મહેસાણા હાઈવે | શહેર | ૧ |
| સાબરમતી | બોપલ | શેલા | શહેર | ૨ |
| સાબરમતી | બોપલ | બોપલ | શહેર | ૩ |

**અતિ ભારે વરસાદથી ખોરવાયેલ વીજ-પૂરવઠો પુનઃસ્થાપિત કરવા બદલ આપવામાં આવેલ સન્માનપત્ર**

| અ.નં | સબડિવિઝન ઓફિસ | ડિવિઝન ઓફિસ | સર્કલ ઓફિસ |
|---|---|---|---|
| ૧ | દાંતીવાડા | પાલનપુર-૧ | પાલનપુર |
| ૨. | વાવ | ડીસા-૨ | પાલનપુર |
| ૩ | ઝેરડા | ડીસા-૨ | પાલનપુર |
| ૪ | ધાનેરા-૧ | ડીસા-૨ | પાલનપુર |
| ૫ | ધાનેરા-૨ | ડીસા-૨ | પાલનપુર |
| ૬ | થરાદ-૧ | ડીસા-૨ | પાલનપુર |
| ૭ | થરાદ-૨ | ડીસા-૨ | પાલનપુર |
| ૮ | થરા | રાધનપુર | પાલનપુર |
| ૯ | રાધનપુર | રાધનપુર | પાલનપુર |
| ૧૦ | વારાહી | રાધનપુર | પાલનપુર |
| ૧૧ | સમી | પાટણ | મહેસાણા |
| ૧૨ | દેત્રોજ | કડી | મહેસાણા |
| ૧૩ | ઈડર (ગ્રામ્ય) | ઈડર | હિંમતનગર |
| ૧૪ | વિજયનગર | ભિલોડા | હિંમતનગર |
| ૧૫ | બારેજડી | સાબરમતી | સાબરમતી |
| ૧૬ | ધંધુકા | બાવળા | સાબરમતી |

કાર્યક્રમ બાદ મહાનુભાવો, અધિકારીઓ અને કર્મચારીભાઈ-બહેનોએ અલ્પાહાર ગ્રહણ કરેલ અને કાર્યક્રમ પૂર્ણ થયેલ. ■













# મનજાગૃતિ મહિલામંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન

મનજાગૃતિ મહિલામંડળ તરફથી યુજીવીસીએલ કોલોનીનાં કોમન પ્લોટ, મહેસાણા ખાતે તા. ૨૯-૦૯-૨૦૧૭ને શુક્રવારના રોજ સાંજના ૪ કલાકે નવરાત્રિ નિમિત્તે ગરબાનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવેલ. જેનું દીપપ્રાગટ્ય કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ.

ઉત્સાહભેર યોજાયેલા ગરબાનાં આ કાર્યક્રમમાં કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, ચીફ એન્જિનીયર શ્રી એ.કે. મંગલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને સીએફઓ શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી તથા કોર્પોરેટ ઓફિસ અને મહેસાણા વર્તુળ કચેરીના તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ તથા મહિલામંડળની બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને ઉત્સાહભેર માણ્યો હતો. ■

# સાબરમતી કેમ્પસ ખાતે યોજાયેલ આયુર્વેદિક ઉકાળા વિતરણનો કાર્યક્રમ






તારીખ ૨૨, ૨૩ અને ૨૪ ઓગસ્ટ-૨૦૧૭ દરમ્યાન દરરોજ સાંજે ૫થી ૬માં સાબરમતી કેમ્પસ ખાતે તમામ કચેરીઓના કર્મચારીઓ તથા કોલોનીમાં રહેતા રહીશોનું આરોગ્ય જળવાઈ રહે અને સ્વાઈન ફ્લ્યુ નામની મહામારીના આક્રમણ સામે રક્ષણ મળે તેવા રચનાત્મક અને સેવાભાવી આશયથી, જીઇબી રીક્રીએશન કલબ, સાબરમતીના સૌજન્યથી આરોગ્યપ્રદ આયુર્વેદિક ઉકાળો બનાવીને વહેંચવામાં આવેલ. જેનો લાભ ૭૦૦થી વધુ લોકોએ લીધેલ.

આ કાર્યક્રમમાં મોંઘેરા મહેમાન તરીકે યુજીવીસીએલના માનનીય એમ.ડી. શ્રી બી.એ. શાહ તથા મુખ્ય ઇજનેર શ્રી એ.કે. મંગલ પણ યોગાનુયોગે આ આરોગ્યપ્રદ લાભ લેવામાં સમ્મિલિત



થયા અને તેઓએ આ કાર્યક્રમના આયોજકોને ઉમદા કાર્ય માટે બિરદાવ્યા હતા.



આ ઉપરાંત જીયુવીએનએલ પોલીસ સ્ટેશન, ખાનગી સિક્યુરિટી એજન્સીના સલામતી રક્ષકો તથા ૧૩૨ કે.વી. જેટકોના કર્મચારીઓએ પણ આ લાભ લીધો હતો. આમ જીઇબી રીક્રીએશન ક્લબ દ્વારા રચનાત્મક સેવાનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડેલ છે અને યુજીવીસીએલ પરિવાર તેમના આ સુંદર કાર્યને બિરદાવે છે. ■

# યુજીવીસીએલના વિસ્તારમાં તારાજી બાદ ઝડપથી વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવ્યો

તા. ૨૪થી ૨૮ જુલાઈ ૨૦૧૭ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હેઠળ આવેલ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લીધે થયેલ તારાજીને લીધે વીજ વિતરણ વ્યવસ્થાને ગંભીર નુકશાન થયેલ, જેને લીધે ગ્રાહકોને વીજ પુરવઠા વિના હાલાકીનો સામનો કરવો પડેલ.

તા. ૨૪થી ૨૬ જુલાઈ દરમ્યાન અસામાન્ય વરસાદે કુદરતી આપત્તિ દ્વારા રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલ, જેના પરિણામે વૃક્ષો પડવાને લીધે યુજીવીસીએલની વીજ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગયેલ તેમજ વીજ વિતરણની વ્યવસ્થાને પારાવાર નુકસાન થયેલ, ગ્રામ્ય વિસ્તારોમાં વીજ વિતરણ કરતાં મોટી સંખ્યામાં ફીડરોને અસર થયેલ.

સમગ્ર તારાજીને લીધે થયેલ નુકસાન નિવારવા કંપની દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ વિવિધ કામગીરી માટે કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરીમાં મદદરૂપ થવા માટે કંપનીનો લાઈન સ્ટાફ અને એજન્સીનાં માણસોને કામે લગાડ્યા હતા અને તેઓની કામગીરી પ્રશંસનિય રહેવા પામેલ હતી.

સફળ કામગીરી બાદ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ૬૧ અસરગ્રસ્ત ફીડરોને ખૂબ જ ઝડપી કાર્યાન્વિત કરવામાં આવેલ. જેટલા ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયેલ તેટલા ગામોમાં તુરંત વીજ વિતરણ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહના માર્ગદર્શન તથા મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલના નેતૃત્વ હેઠળ પાલનપુરના અધિક્ષક ઇજનેર શ્રી એલ.એ. ગઢવી, મહેસાણા સર્કલના અધિક્ષક ઇજનેરશ્રી, કોર્પોરેટ ઓફિસના અધિક્ષક ઇજનેરશ્રી, વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરો, પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેરો તથા અન્ય ટેકનિકલ કર્મચારીઓએ સતત ચોવીસ કલાક દિવસ અને રાત જોયા વગર, આવી પડેલ આપદાઓથી ગ્રાહકોને રાહત અને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત થાય તે માટે સતત કામગીરી ચાલુ રાખીને પોતાની કર્તવ્યનિષ્ઠા દર્શાવી હતી.







આ પરિસ્થિતિને લીધે ગ્રાહકોએ પીવાના પાણીના મહત્ત્વના પ્રશ્નનો સામનો ન કરવો પડે તે માટે ખૂબ જ ઝડપથી




વીજ પૂરવઠો પુનઃ સ્થાપિત કરવાની મહત્ત્વની જવાબદારી કંપનીના કર્મચારીઓના શિરે આવી પડેલ, જેમાં પ્રાથમિક ધોરણે આવશ્યક સેવાઓ કામગીરીના પ્રથમ ત્રણ દિવસમાં પૂર્ણ કરવામાં આવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહે ૧૫મી ઓગસ્ટના રોજ પોતાના ઉદ્‌બોધનમાં કંપનીના કર્મચારીઓનો આભાર વ્યક્ત કરેલ અને કહ્યું કે ''સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે વીજ પૂરવઠો પૂર્વવત કરવા જે પરિશ્રમ કર્યો એ માટે આપ સૌ તમામ કર્મચારી ભાઈ-બહેનો, અધિકારીઓ અભિનંદનના અધિકારી છો, હું કરેલ કામગીરીને હૃદયપૂર્વક બિરદાવું છે.'' તેમણે એમ પણ કહ્યું કે આપણી કામગીરીને અનુલક્ષીને માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ઊર્જામંત્રીશ્રી દ્વારા પણ નોંધ લેવાઈ છે. ■

## સ્પોર્ટ્સ

# ૧૨મી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર ખાતે આયોજન



તા. ૧૬-૦૭-૨૦૧૭ના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે શ્રી જે.બી. શાહ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, મોડાસા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર, સાબરમતી, મહેસાણા રજી. અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા વર્તુળ કચેરી અને હિંમતનગર વર્તુળના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

### ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે પસંદગી થયેલ યુજીવીસીએલની બહેનોની ટીમ

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રીમતી સી.એચ. મોદી | નાયબ અધિક્ષક (વહીવટ) | વિ. કચેરી, પાલનપુર-૧ |
| કુમારી એ.એ. ગુપ્તા | જુનિયર આસિસ્ટન્ટ | વિ. કચેરી, પાલનપુર-૧ |
| શ્રીમતી એન.બી. પટેલ | નાયબ ઇજનેર | વિ. કચેરી, તલોદ |
| શ્રીમતી એ.એ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિ. કચેરી, સાબરમતી |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| **નામ** | **હોદ્દો** | **કામનું સ્થળ** |
| શ્રીમતી એમ.એસ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | વિ. કચેરી, હિંમતનગર |
| શ્રીમતી સી.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિ. કચેરી, ગાંધીનગર |

## ઈન્ટર સર્કલ સિંગલ્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા ભાઈઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પી.પી. પ્રજાપતિ | જુનિયર પ્રોગ્રામર | રજી. કચેરી, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એચ.એસ. જાદવ | કાર્યપાલક ઈજનેર | ઇ.એમ.સી., ગાંધીનગર | રનર્સ-અપ |

## ઈન્ટર સર્કલ ડબલ્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા ભાઈઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એન.પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | રજી. કચેરી, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) | રજી. કચેરી, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી.પી. પ્રજાપતિ | આસિસ્ટન્ટ લાઇનમેન | પે.વિ. કચેરી, જગુદણ | રનર્સ-અપ |
| શ્રી જે.એમ. સોની | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ. કચેરી હાઈવે, મહેસાણા | રનર્સ-અપ |

## ઈન્ટર સર્કલ સિંગલ્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા બહેનોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી સી.એચ. મોદી | નાયબ અધિક્ષક (વહીવટ) | વિ. કચેરી, પાલનપુર-૧ | ચેમ્પિયન |
| કુમારી એ.એ. ગુપ્તા | જુનિયર આસિસ્ટન્ટ | વિ. કચેરી, પાલનપુર-૧ | રનર્સ-અપ |

## ઈન્ટર સર્કલ ડબલ્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા બહેનોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી સી.એચ. મોદી | નાયબ અધિક્ષક (વહીવટ) | વિ. કચેરી, પાલનપુર-૧ | ચેમ્પિયન |
| કુમારી એ.એ. ગુપ્તા | જુનિયર આસિસ્ટન્ટ | વિ. કચેરી, પાલનપુર-૧ | ચેમ્પિયન |
| શ્રીમતી એમ.એસ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | વિ. કચેરી, હિંમતનગર | રનર્સ-અપ |
| શ્રીમતી એન.બી. પટેલ | નાયબ ઈજનેર | વિ. કચેરી, તલોદ | રનર્સ-અપ |

સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ.એફ. ડાભીના માર્ગદર્શન હેઠળ શ્રી ટી.એન. ખરાડી, જુનિયર ઈજનેર અને શ્રી ડી.આઈ. કુંપાવત દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું અને ટેબલમાં જણાવ્યા મુજબના ખેલાડીઓ વિજેતા જાહેર થયેલ અને તેઓને ટ્રોફી તથા ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ■

## ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે પસંદગી થયેલ યુજીવીસીએલની ભાઈઓની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી પી.પી. પ્રજાપતિ | આસિસ્ટન્ટ લાઈમેન | પે.વિ. કચેરી, જગુદણ |
| શ્રી એચ.એસ. જાદવ | કાર્યપાલક ઈજનેર | ઇ.એમ.સી., ગાંધીનગર |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) | રજી. કચેરી, મહેસાણા |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | રજી. કચેરી, મહેસાણા |
| શ્રી જે.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, પાલનપુર |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| **નામ** | **હોદ્દો** | **કામનું સ્થળ** |
| શ્રી કે.સી. પુવાર | જુનિયર આસિસ્ટન્ટ | શહેર પે.વિ. કચેરી, મોડાસા |
| શ્રી એન.એસ. પટેલ | જુનિયર ઈજનેર (સિવિલ) | વિ. કચેરી, હિંમતનગર |

સ્પોર્ટ્સ

# ૧૨મી ઈન્ટર સર્કલ બેડમિન્ટ ટુર્નામેન્ટનું પાલનપુર ખાતે આયોજન

## પુરુષ વિભાગમાં ડબલ્સ અને સિંગલ્સમાં શ્રી પ્રણય વાવડીયા અને મહિલા વિભાગમાં શ્રી સગલ્સમાં શ્રી એસ.એ. પટેલ અને ડબલ્સમાં શ્રીમતી દીનાબેન રાવલ ચેમ્પિયન

તા. ૦૩-૦૯-૨૦૧૭ના રોજ પાલનપુર વર્તુળ કચેરીના યજમાન પદે ૧૨મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. હસ્તકની ચાર વર્તુળ કચેરી તેમજ રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના ભાઈઓ તથા બહેનોની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી તથા અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી, પાલનપુર, શ્રી એલ.એ. ગઢવીએ ઉપસ્થિત રહીને પ્રોત્સાહિત કરેલ તથા ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી જેઓએ પોતે પણ આ ટુર્નામેન્ટમાં ભાગ




### ઈન્ટર સર્કલ સિંગલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા ભાઈઓની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પ્રણય વાવડીયા | ડી.વાય.એસ.એ. | આરએન્ડસી, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એસ.ડી. ગુપ્તા | જુનિયર ઈજનેર | વર્તુળ કચેરી, પાલનપુર | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ સિંગલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા બહેનોની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| એસ.એ. પટેલ | જુનિયર ઈજનેર | વર્તુળ કચેરી, હિંમતનગર | ચેમ્પિયન |
| શ્રીમતી આર એમ. જયસ્વાલ | જુનિયર ઈજનેર | વર્તુળ કચેરી, હિંમતનગર | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ ડબલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા ભાઈઓની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પ્રણય વાવડીયા | ડી.વાય.એસ.એ. | આરએન્ડસી, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઇ. | આરએન્ડસી, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એસ.ડી. ગુપ્તા | જુનિયર ઈજનેર | વર્તુળ કચેરી, પાલનપુર | રનર્સ-અપ |
| શ્રી વી.જે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, પાલનપુર | રનર્સ-અપ |







લીધો હતો અને અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી, પાલનપુર શ્રી એલ.એ. ગઢવી અને કાર્યપાલક ઈજનેર, સાબરમતી શ્રી આર.સી. દેસાઈના વદર હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરેલ.

વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. આમ પાલનપુર સર્કલ દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ■

## ઈન્ટર સર્કલ ડબલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા બહેનોની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી ડી.જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી | ચેમ્પિયન |
| શ્રીમતી જે.જે. આર્ય | જુનિયર ઈજનેર | વર્તુળ કચેરી, સાબરમતી | ચેમ્પિયન |
| શ્રીમતી એ.એલ. પઢીયાર | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, પાલનપુર | રનર્સ-અપ |
| શ્રીમતી એસ.એસ. ખરાડી | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, પાલનપુર | રનર્સ-અપ |

## ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ ભાઈઓની ટીમ યુજીવીસીએલ

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી પ્રણય વાવડીયા | ડી.વા.એસ.એ. | આરએન્ડસી, મહેસાણા |
| શ્રી એસ.ડી. ગુપ્તા | જુનિયર ઈજનેર | પે.વિ. કચેરી, વડગામ |
| શ્રી એમ.એચ. પારેખ | જુનિયર ઈજનેર | વર્તુળ કચેરી, સાબરમતી |
| શ્રી જે.જી. શાહ | જુનિયર ઈજનેર | પે.વિ. કચેરી, અડાલજ |
| શ્રી પી.પી. પ્રજાપતિ | મીટર ટેસ્ટર | વિભાગીય કચેરી, કડી |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર | આરએન્ડસી, મહેસાણા |
| શ્રી વી.જે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, પાલનપુર |



**આપ સૌના જીવનમાં અનન્ય પ્રકાશ રૂપી ખુશાલી સતત પ્રસરતી રહે તેવી દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ!**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો ?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

**agmhr@ugvcl.in**
**managercc@ugvcl.in**
**rbshukla.cccell@gmail.com**
**cccell@ugvcl.com**